જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૧/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૨૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૦	૧૧૭૨૭	૧૭૮૩૭	૦	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૦	૧૨૧	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૦૭૮	૪૪	૭૪૧૨૨	૭૫૧૫૮	૪૪	૭૫૨૦૨
કુલ		૯૦૬૫૯	૪૪	૯૦૭૦૩	૯૯૬૭૪	૪૪	૯૯૭૧૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૩૮	૪,૪૪,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬૩	૪,૬૩,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

પાસા અટકાયતના આરોપીને પકડી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઇ" ડીવીઝન સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચનાં આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.એચ.સોલંકી ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૬૫૮/૨૦૨૧ તા-૨૨/૧૧/૨૦૨૧ થી પાસા અટકાયતી મોહસીન ઉર્ફે ગોરી S/O ઇકબાલભાઇ જાતે- રંગરેજ (લીલાગર) ઉ.વ.૩૪ રહે- આસ્ટોડીયા મ્યુ. બગીચાની સામેની ગલીમાં કોટની રાંગના છાપરામાં આસ્ટોડીયા અમદાવાદ શહેર નાઓને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્ક્વોડના પો.સ.ઇ.શ્રી વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો નાઓ દ્વારા બાતમી હકિકત આધારે પકડી પાડતા સદરી ઇસમને તા-૨૨/૧૧/૨૦૨૧ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ છે. તા-૨૨/૧૧/૨૦૨૧.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૨૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૩ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૦ બિયર ટીન અને ૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૩૧/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ જીગીશા વા/ઓ રાજેશકુમાર શાહ (ઉ.વ.૩૯) (રહે. ફ્લોરેન્સ રેસીડન્સી સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૨૨/૧૧/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અલ્પેશભાઇ અશોકકુમાર મહેતા (રહે. જી/૪૦૪, સેકટર-૭ સન સીટી સાઉથ બોપલ) એ જીગીશા શાહ પાસેથી મેક્સ ઇન્શ્યોરન્સ કંપનીનો વિમા પોલીસીઓનો ટાર્ગેટ પુરો કરવા જીગીશા શાહને વિશ્વાસમાં લઈ કુલ રૂપિયા ૧૮,૮૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૨૧૩૨/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ મેહુલ ઉર્ફે ભોલુ કાળુભાઈ બગડા (ઉ.વ.૨૩) (રહે. રાજીવનગર ઔડાના મકાન શક્તિ સ્કુલ પાસે સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૨૦૨૧ કલાક ૮/૨૦ વાગ્યાના સુમારે ચંદ્રનગરબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

નિકોલઃ વિષ્ણુભાઈ શંભુભાઈ પટેલ (ઉ.વ.૪૮) (રહે. ગેલેક્સી ઇન્ટરસિટી મારૂતિ શોરૂમ પાછળ નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૨૨/૧૧/૨૦૨૧ સવારના ૧૧/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયપ્રકાશ અમૃતલાલ ચલાવે છે.

ઇસનપુર: હિરૂભાઇ સ/ઓ સંપતભાઇ દંતાણી (૨હે. દશામાના મંદી૨ પાસે નીલગી૨ીનાં છાપ૨ાં ચંડોળા પાળ ચંડોળા ઇસનપુ૨) એ અગમ્ય કા૨ણસ૨ તા.૧૫/૧૧/૨૦૨૧ ૨ાતના ૯/૦૦ વાગ્યાના સુમા૨ે ચંડોળા પાળ દશામાના મંદી૨ પાછળ ઝે૨ી દવા પી લીધી હતી. સા૨વા૨ માટે તેમને મણિનગ૨ એલ.જી.હોસ્પીટલમાં દાખલ ક૨વામાં આવ્યા હતા. જયાં સા૨વા૨ દ૨મ્યાન તા.૨૨/૧૧/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઇસનપુ૨ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટ૨,
કંટ્રોલરૂમ, અ'વાદ શહે૨.
પોલીસ કમિશન૨ વતી.